ડીસ્ટ્રીકટ સેન્ટર ફોર ઈંગ્લીશ માટેની સ્ટેટ
લેવલ એડવાઈઝરી કમીટીની રચના કરવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:જશભ-૧૨૨૦૦૦-૭૬૮-ન,
સચિવાલય, ગાંધીનગર
તા. ૮-૬-૨૦૦૦

ઠરાવ:-

રાજ્યમાં અંગ્રેજી શિક્ષણની જરુરીયાતને ધ્યાને લઈને અંગ્રેજી શિક્ષણ તાલીમ તથા વિસ્તરણ માટે કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ સહાય મળે છે. રાજ્યમાંના જિલ્લાઓમાં અંગ્રેજી શિક્ષણના તાલીમ વર્ગો શરૂ કરવા માટે દરખાસ્તો મળેલ છે અને કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ સહાય પણ મળનાર છે. આથી રાજ્યમાં અંગ્રેજી ભાષાના તાલીમ કાર્યક્રમ માટે સ્ટેટ લેવલ એડવાઈઝરી કમીટીની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે દર્શાવેલ સભ્યોની સ્ટેટ લેવલ એડવાઈઝરી કમીટીની આથી રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧) | અગ્રસચિવશ્રી (શિક્ષણ) | અધ્યક્ષશ્રી |
| ૨) | ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી (મધ્યાહ્ન ભોજન તથા સ્કુલ્સ) | સભ્યશ્રી |
| ૩) | નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૨૩, ગાંધીનગર | સભ્ય સચિવ |
| ૪) | નિયામકશ્રી, એચ.એમ.પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ ઈંગ્લીસ, વલ્લભ વિદ્યાનગર, આણંદ | સભ્ય |
| ૫) | નિયામકશ્રી, ઓલ ઈન્ડીયા રેડિયો, અમદાવાદ | '' |
| ૬) | ડૉ. એન.ઈ.ડેવીડ, સી.આઈ.ઈ.એફ.એલ.હૈદ્રાબાદ | '' |
| ૭) | ડૉ.દાઉદભાઈ ઘાંચી, નિવૃત્ત પ્રિન્સીપાલ, બી.ડી.શાહ કોલેજ ઓફ એજયુકેશન, મોડાસા (હાલ કલોલ) | '' |
| ૮) | પ્રો.ગજાનંદ ઠાકર પ્રિન્સીપાલ આર.જી.ટી. કોલેજ, પોરબંદર (આઈએમએસઈ ના પ્રતિનિધિ) | '' |
| ૯) | ડૉ.નરેન્દ્ર ચૌટલીયા, રીડર એમ.બી.પટેલ કોલેજ ઓફ એજયુકેશન વલ્લભ વિદ્યાનગર (સી.ટી.ઈ.ના પ્રતિનિધિ) | '' |

..૨..

૧૦) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સભ્યશ્રી

આ સમિતિની મુદત ત્રણ વર્ષની રહેશે.

૨. સ્ટેટ લેવલ એડવાઈઝરી કમીટીનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે રહેશે.

૩. કમીટીની બેઠક માટે આવવા-જવા માટે બિન સરકારી સભ્યોને નાણાં વિભાગે વખતો વખત સુધાર્યા પ્રમાણેના દરે પ્રવાસ અને દૈનિક ભથ્થુ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરે ચૂકવવાનું રહેશે.

૪. આ અંગે થનાર ખર્ચ અંદાજપત્રના માંગણી નં.૮, મુખ્ય સદર-૨૨૦૨-સામાન્ય શિક્ષણ-૮૦-સામાન્ય-૦૦૨(૦૯)ઈડીએન-૧૬-ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ હેઠળ ઉધારવાનું અને તે હેઠળ કરવામાં આવેલ બજેટ જોગવાઈમાંથી મેળવવાનું રહેશે.

૫. આ ઠરાવ શિક્ષણ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીની તા.૨૫-૫-૨૦૦૦ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ. એસ. પારેખ)
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
માન. રાજ્યકક્ષા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
અગ્રસચિવશ્રી (શિ)ના અંગત સચિવશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી (મધ્યાહન ભોજન અને સ્કૂલ) ગુ.રા. ગાંધીનગર
નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સે-૨૧, ગાંધીનગર
અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
એ.જી. ગુજરાત અમદાવાદ/રાજકોટ
નિયામકશ્રી, ઓલ ઈન્ડીયા રેડિયો
નિયામકશ્રી, એચ.એમ.પટેલ, ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈંગ્લીશ, વલ્લભ વિદ્યાનગર, આણંદ
બિન સરકારી સભ્યોને નિયામકશ્રી (જીસીઈઆરટી) ગાંધીનગર મારફત
નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
સિલેક્ટ ફાઈલ
મદદનીશ સિલેક્ટ ફાઈલ

ડીબીપટેલ/